આદર્શ નિવાસી શાળા (કુમાર) ડેડીયાપાડા, જિ.નર્મદા ખાતે હોસ્ટેલ બિલ્ડીંગ/શાળા બિલ્ડીંગ તથા શાળા ક્વાર્ટસમાં રીપેરીંગ/રીનોવેશન કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

નવી બાબત. ૨૦૧૬-૧૭

**ગુજરાત સરકાર,**

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૨૦૧૬/ન.બા.૨૪/ગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૯/૦૪/૨૦૧૬.

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૭/૦૧/૨૦૧૬નો પત્ર નં:- ટીડી/અનશ/૧૩૬૩/૨૦૧૫-૧૬/૩૨ થી ૩૩.

**ઠરાવ:-**

ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તેવા આશયથી આદર્શ નિવાસી શાળાઓની યોજના વર્ષ ૧૯૮૬-૮૭ ના વર્ષથી કાર્યરત કરવામાં આવી છે. આથી આદર્શ નિવાસી શાળા (કુમાર), ડેડીયાપાડા, જિ.નર્મદા ખાતે હોસ્ટેલ બિલ્ડીંગ/શાળા બિલ્ડીંગ તથા શાળા ક્વાર્ટસમાં રીપેરીંગ/રીનોવેશનની સુવિધા ઉપલબ્ધ કરવાની જરૂરીયાત હોઈ કમિશનરશ્રી (આ.વિ.) રૂ.૧૫૦.૮૦ લાખની નવી બાબતનો સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરેલ હતી. જેની વહીવટી મંજૂરીની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે (કુમાર), ડેડીયાપાડા, જિ.નર્મદા ખાતે હોસ્ટેલ બિલ્ડીંગ/શાળા બિલ્ડીંગ તથા શાળા ક્વાર્ટસમાં રીપેરીંગ/રીનોવેશન માટેની રૂ.૧૫૦.૮૦ લાખની સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ બાબતે વહીવટી મંજૂરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. (S.O.R) મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઈઓનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૪૨ VKY-મકાન આદર્શ નિવાસી શાળા (કુમાર) ડેડીયાપાડા, જિ.નર્મદા ખાતે હોસ્ટેલ બિલ્ડીંગ/શાળા બિલ્ડીંગ તથા શાળા ક્વાર્ટસમાં રીપેરીંગ/રીનોવેશન હેઠળ થયેલ ચાલુ વર્ષની જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની નાણા વિભાગની તા.૧૧/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.), જિ.નર્મદા.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિલેક્ટ ફાઈલ.